<u>વાદીની આંક–૪૯ ની સરતપાસ લગત પ્રતિવાદી તર્ફે ઉલટ તપાસ વિ.વ.શ્રી, વી.જી.રાવલ</u>

(૧) હુ ધોરણ સાત સુધી ભણેલ છુ. એ વાત ખરી છે કે, મને લખત વાંચતા અને સહી કરતા આવડે છે. મારા પિતાનુ નામ તેજાભાઈ હરીભાઈ કણજરીયા છે. મારા દાદાના બે સંતાનો છે, તેઓના નામ તેજાભાઈ તથા ડાયાભાઈ છે. ડાયાભાઈ મારા ભઈજી થાય છે અને તેમને પાંચ સંતાનો છે, જેઓના નામ ટપુભાઈ,ઠાકરશીભાઈ,પ્રભુભાઈ, ધરમશીભાઈ,જશરાજભાઈ છે. ઠાકરશીભાઈ મારા ભઈજીના દિકરા ભાઈ થાય છે. અમે ત્રણ ભાઈઓ છીએ, મોટાનુ નામ પોપટભાઈ ત્યારબાદ હુ ચતુરભાઈ તથા મારા ભાઈ જાદવજીભાઈ છે. એ વાત ખરી છે કે, મારી સરતપાસનુ સોગંદનામુ મે વાંચી સમજી સહી કરેલ છે કોઈના ભરોસાથી સહી કરેલ નથી.

**સવાલ :–** તમે કોઈ પણ સરકારી કચેરીમાં જાવ અને તમને સહી કરવાનુ કહે તો તમે તે કાગળ વાંચી સમજી અને પછી સહી કરો છો ?

**જવાબ :–** ખરી વાત છે.

એ વાત ખરી છે કે, હુ ખેડુત હોવાથી મને ૭–૧૨, ગામ નમુના નં.૬, ૮–અ ની જાણકારી છે. એ વાત ખરી છે કે આ દસ્તાવેજી પુરાવાઓ મામલતદાર કચેરીમાંથી મેળવી શકાય છે તેથી મામલતદાર કચેરીની કાર્યરીતીથી હુ વાકેફ છુ. મને નિશાની ૪૧/૨ બતાવવામાં આવે છે જેમાં ગામ નમુના નં.૮–અ જમીનની ખાતાવહીમાં કબજેદારના નામમાં દલવાડી ધનશ્યામભાઈ નાગરભાઈનુ નામ ચાલે છે. નિશાની ૪૧/૨ રજુ દાખલ **આંક–૭૨**

એ વાત ખરી છે કે, મને નિશાની ૨૯/૪ બતાવવામાં આવે છે જે જોઈ અને હુ જણાવુ છુ કે, સર્વે નંબર ૨૩૮ પૈકી વાળી જમીનમાં નોંધાયેલ બોજાની નોંધો વેચાણ આપનાર ચતુરભાઈ તેજાભાઈ દલવાડીના ખાતા નંબર ૧૮૦માં ચાલતી અન્ય જમીનોમાં ટ્રાન્સફર કરવાનો પ્રાતઅધિકારી હળવદે તા.૨૯/૧/૨૦૧૬ના રોજ હુકમ કરેલ છે. નીશાની ૨૯/૪ રજુ દાખલ **આંક–૭૩**

એ વાત ખરી છે કે, તા. ૨૯/૧/૨૦૧૬ના રોજ પ્રાતઅધિકારી હળવદે કરેલ હુકમ બાદથી આજ દિન સુધી પ્રતિવાદીઓના નામ ચાલે છે. ખેડુત તરીકે અત્યારે રેવન્યુ સર્વે નંબર ૨૪૦ તથા રેવન્યુ સર્વે નંબર ૨૨૨ તથા રેવન્યુ સર્વે નંબર ૨૨૩ તથા રેવન્યુ સર્વે નંબર ૨૨૪ તથા રેવન્યુ સર્વે નંબર ૨૪૪ વેગડવાવ ગામની મારા નામે ચાલે છે. એ વાત ખરી છે કે, રેવન્યુ સર્વે નંબર ૨૪૦ તથા રેવન્યુ સર્વે નંબર ૨૨૨ તથા રેવન્યુ સર્વે નંબર ૨૨૩ તથા રેવન્યુ સર્વે નંબર ૨૨૪ તથા રેવન્યુ સર્વે નંબર ૨૪૪ વેગડવાવ ગામની મારા નામે ચાલે છે તેના ઉપર બેન્કમાંથી પાક ધીરાણ લેતા આવીએ છીએ અને પાકધીરાણ લેવાની કાર્યવાહીથી હુ વાકેફ છુ. એ વાત ખરી છે કે વાહન ઉપર લોન લેતી વખતે આર.સી.બુક તેમજ પાકધીરાણની લોન લેતી વખતે જમીનના આધારો જે તે વ્યકિતના નામે હોય તો જ તે અંગેનુ ધીરાણ કે લોન મળે છે. એ વાત ખરી છે કે, પાક ધીરાણમાં દર વર્ષે નવુ જુનુ ધીરાણ કરવાની કાર્યવાહી કરવાની થતી હોય છે અને તે મતલબના કાગળો રજુ કરવાના થતા હોય છે. એ વાત ખરી છે કે મને નોંધ નંબર ૬૦૭૪ની આધાર ફાઈલ બતાવવામાં આવે છે અને તેમાં ૧૩૫ ડી ની નોટીસ છે તેમાં નંબર ૧ તરીકે અમો દલવાડી ચતુરભાઈ તેજાભાઈ તથા નંબર ૨ તરીકે ધનશ્યામભાઈ નાગરભાઈ તથા નંબર ૩ તરીકે તલાટી કમ મંત્રીરી વેગડવાવ લખેલ છે. એ વાત ખરી છે કે આ નોંધની તારીખ તા.૭/૪/૨૦૧૧ છે. એ વાત ખરી છે કે, આ નોટીસ ભારતીય પોસ્ટ વિભાગ ધ્વારા બજવણી કરી તા. ૭/૫/૨૦૧૧ના રોજ પરત કરેલ છે. એ વાત ખરી છે કે, નિશાની ૭૪/૧ થી આ નોંધ નંબર ૬૦૭૪ની તા. ૨૪/૬/૨૦૧૧ ના રોજ અસર આપવામાં આવેલ છે જે રજુ દાખલ **આંક–૭૫**

એ વાત ખરી છે કે, હાલનો દાવો તા. ૧૯/૫/૨૦૧૪ના રોજ અમોએ નામ. કોર્ટમા દાખલ કરેલ છે. એ વાત ખરી છે કે, તા.૨૪/૬/૨૦૧૧ના રોજ સદર નોંધની અસર આપી દીધી તા.૭/૫/૨૦૧૧ના રોજ અમોને બજવણી થઈ તે બાદ

R.C.S. 11/2014

આંક–૪૯ નુ સાંધણ



ત્રણ વર્ષ અને ૧૨ દિવસ પછી હાલનો દાવો નામદાર કોર્ટમાં દાખલ કરેલ છે. એ વાત ખરી છે કે, આંક–૫૧વાળા દસ્તાવેજમાં બે ત્રાહીત સાક્ષીઓની સહી છે અને સબરજીસ્ટ્રારની રુબરુમાં નોંધાયેલ છે, જે બાદ તેઓએ સહી કરેલ છે. અમો આ બન્ને ત્રાહીત સાક્ષીઓને નામ. કોર્ટ સમક્ષ પુરાવો રજુ કરવા હાજર રાખવા સહમત છીએ. એ વાત ખરી નથી કે, બેન્ક મેનેજરને લોન બાબતે આપવામાં આવેલ નોટીસ તેમજ તે આનુસંગીતા કાર્યવાહીના દસ્તાવેજી પરાવા આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે, બેન્કમેનેજર સામે કોઈ ફોજદારી કાર્યવાહી કરેલ નથી. એ વાત ખરી નથી કે, અત્રેની અદાલત ધ્વારા મારી મનાઈહુકમની અરજી રદ કરતા મે એપેલેન્ટ કોર્ટમાં કરેલ અપીલના કામે નીચેની અદાલતનો હુકમ યથાવત રાખેલ તે હુકમ ઉપર નામ.ગુજરાત હાઈકોર્ટમાં કોઈ કાર્યવાહી કરેલ નથી. મે નામ. ગુજરાત હાઈકોર્ટમાં આ અંગેની કાર્યવાહીના કાગળો હાલના દાવાના કામે રજુ કરેલ છે.

**સવાલ :–** નામ.કોર્ટનુ રેકર્ડ જોઈ જણાવો કે નામ.ગુજરાત હાઈકોર્ટમાં કરેલ કાર્યવાહીના કાગળો આ દાવાના કામે રજુ છે કે નહી ?

**જવાબ :–** મને નામ.કોર્ટના રેકર્ડમા ખબર પડતી નથી.

એ વાત ખરી છે કે, હુ કોઈ ચીજવસ્તુના બદલામાં નાણા આપુ તો નાણા લેનાર પાસેથી તે મતલબનુ લખાણ, રસીદ કે સ્લીપ લખાવી લઉ છુ. એ વાત ખરી છે કે, મે દેવશીભાઈ પાસેથી નાણા લીધા હતા જે બાબત મારા આંક–૪૯ના સોગંદનામામા જણાવુ છુ તે મુજબ કોઈ જ લખાણ ચીઠ્ઠી કે પહોચ આ કામમાં રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે, મે આ કામમાં એટલા માટે દેવશીભાઈના નામનુ કહેવાતુ લખાણ રજુ કરેલ નથી કારણ કે આવુ કોઈ લાખણ જ થયેલ નથી. એ વાત ખરી નથી કે, દેવશીભાઈ આ કામના ત્રાહીત સાક્ષી હોય જેથી મે ખોટી રીતે તેઓના નામથી કહેવાતા વહેવારના કહેવાતા કથનો મે આંક–૪૯વાળા સોગંદનામામા જણાવેલ છે. એ વાત ખરી નથી કે, આ કામના પ્ર તિવાદીએ કાયદેસરનો અવેજ ચુકવી આંક–૫૧ નો રજીસ્ટર દસ્તાવેજ કરાવી લીધેલ હોવા છતા મે પ્રતિવાદીઓ વિરુધ્ધ હાલમાં ખોટો દાવો દાખલ કરી સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છુ.

તા.૦૬/૦૬/૨૦૨૫
હળવદ.

મારી રૂબરૂ

( **નિમિષા ગંગારામભાઈ સુરતી** )
પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ
હળવદ.
કોડ નં.જીજે. ૦૦૭૧૧

સાહેદ ને મારી રુબરુ જુબાની વાંચી સંભળાવતા
તે ખરી અને કબુલ રાખેલ છે.

( **નિમિષા ગંગારામભાઈ સુરતી** )
પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ
કોડ નં.જીજે. ૦૦૭૧૧